# રાજયમાં નવા ૩૯૧ કેસ, ૩૪ મૃત્યુ

## ગુજરાતમાં કુલ મૃત્યુ આંક ૬૫૯, જ્યારે કુલ કેસ ૧૧૩૮૦, અમદાવાદમાં નવા ૨૭૬ કેસ સાથે કુલ કેસ ૮૪૨૦, વધુ ૧૯૧ ડીસ્ચાર્જ થતાં કુલ ૪૪૯૯

ગાંધીનગર,તા.૧૭

સમગ્ર ભારતમાં કોરોનાનો આતંક યથાવત રીતે જારી છે. દેશમાં અનેક રાજ્યોની સ્થિતિ ખુબ જ ખરાબ થયેલી છે જેમાં મહારાષ્ટ્ર, ગુજરાત સહિતના રાજ્યનો સમાવેશ થાય છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૯૧ નવા કેસ સામે આવ્યા છે અને ૩૪ દર્દીના મૃત્યુ થયા છે.

આમ અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૧૧૩૮૦ કેસ નોંધાયા છે અને ગુજરાતમાં મૃત્યુઆંક વધીને ૬૫૯ પર પહોંચ્યો છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિ વધુ વિગત આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં હજુ સુધી ૧૪૩૬૦૦ ટેસ્ટ કરવામાં આવ્યા છે જેમાં ૧૧૩૮૦નો રિપોર્ટ પોઝિટિવ અને ૧૩૨૨૨૦નો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. જે વિસ્તારોમાં કેસ નોંધાયા હતા તેમાં સૌથી વધુ અમદાવાદમાં ૨૭૬ કેસ નોંધાયા હતા જ્યારે સુરતમાં ૪૫, વડોદરામાં ૨૧, ગાંધીનગર અને ખેડામાં ૬-૬ કેસ નોંધાયા હતા જ્યારે ભાવનગરમાં ૧ કેસ સપાટી ઉપર આવ્યા હતા. મૃત્યુ પામેલ દર્દીઓ અંગે વાત કરતા અગ્ર સચિવ જયંતિએ રવિએ કહ્યું હતું કે, રાજ્યમાં ૨૪ કલાકમાં ૩૪ લોકોના મોત થયા છે.

અમદાવાદમાં ૩૧, સુરતમાં ૨, પંચમહાલમાં એક વ્યક્તિનું મોત થયા છે. રાજ્યમાં કુલ મોતનો આંકડો વધીને ૬૫૯ ઉપર પહોંચી ચુકયો છે. કોરોનાની અપડેટ વિગતો આપતા આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું છેકે, રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૯૧ કેસ નોંધાયા છે, જ્યારે ૩૪ દર્દીના મોત નીપજ્યાં છે. કુલ ૧૯૧ જેટલા લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. આ સાથે રાજ્યમાં કુલ પોઝિટિવ દર્દી ૧૧૩૮૦થઈ છે. અત્યારસુધીમાં કુલ ૪૪૯૯ ડિસ્ચાર્જ થયા છે. ૬૧૮૪ દર્દી સ્ટેબલ અને ૩૮ વેન્ટિલેટર પર છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૮૪૨૦ | ૫૨૪ | ૨૬૬૦ |
| સુરત | ૧૦૯૪ | ૫૧ | ૭૦૮ |
| વડોદરા | ૬૬૦ | ૩૨ | ૩૮૮ |
| ગાંધીનગર | ૧૬૯ | ૬ | ૬૬ |
| ભાવનગર | ૧૦૮ | ૦૮ | ૭૪ |
| બનાસકાંઠા | ૮૩ | ૦૪ | ૬૭ |
| આણંદ | ૮૩ | ૦૮ | ૭૪ |
| રાજકોટ | ૭૯ | ૦૨ | ૫૨ |
| અરવલ્લી | ૭૮ | ૦૨ | ૬૯ |
| મહેસાણા | ૭૫ | ૦૩ | ૪૦ |
| પંચમહાલ | ૭૧ | ૦૬ | ૪૯ |
| બોટાદ | ૫૬ | ૦૧ | ૪૯ |
| મહીસાગર | ૪૮ | ૦૧ | ૩૮ |
| ખેડા | ૪૬ | ૦૧ | ૨૨ |
| પાટણ | ૪૨ | ૦૨ | ૨૨ |
| જામનગર | ૩૫ | ૦૨ | ૦૯ |
| ભરૂચ | ૩૨ | ૦૨ | ૨૫ |
| સાબરકાંઠા | ૩૮ | ૦૨ | ૧૧ |
| ગીર-સોમનાથ | ૨૫ | ૦૦ | ૦૩ |
| દાહોદ | ૨૪ | ૦૦ | ૧૬ |
| છોટાઉદેપુર | ૨૧ | ૦૦ | ૧૪ |
| કચ્છ | ૨૮ | ૦૧ | ૦૬ |
| નર્મદા | ૧૩ | ૦૦ | ૧૨ |
| દેવભૂમિ દ્વારકા | ૧૨ | ૦૦ | ૦૨ |
| વલસાડ | ૦૯ | ૦૧ | ૦૪ |
| નવસારી | ૦૮ | ૦૦ | ૦૮ |
| જૂનાગઢ | ૦૬ | ૦૦ | ૦૨ |
| પોરબંદર | ૦૫ | ૦૦ | ૦૩ |
| સુરેન્દ્રનગર | ૦૪ | ૦૦ | ૦૧ |
| મોરબી | ૦૨ | ૦૦ | ૦૧ |
| તાપી | ૦૨ | ૦૦ | ૦૨ |
| ડાંગ | ૦૨ | ૦૦ | ૦૨ |
| અમરેલી | ૦૨ | ૦૦ | ૦૦ |
| અન્ય રાજ્ય | ૦૧ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૧૧૩૮૦** | **૬૫૯** | **૪૪૯૯** |

# ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ બોર્ડનું ૭૧.૩૪ ટકા પરિણામ જાહેર

## રાજ્યમાં રાજકોટનું સૌથી વધુ ૮૪.૬૯ ટકા પરિણામ : ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧૧૬૬૪૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી ૮૩૧૧૧ વિદ્યાર્થીઓ પાસ થયા : છેલ્લા આઠ વર્ષમાં સૌથી નીચુ પરિણામ

ગાંધીનગર, તા. ૧૭

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થઈ ગયું છે. આ વર્ષે પરિણામની ટકાવારી ૭૧.૩૪ રહી છે. આ વર્ષનું રિઝલ્ટ પાછલા ૮ વર્ષનું સૌથી નીચું રહ્યું છે. જેમાં વિદ્યાર્થીઓની પાસ થવાની ટકાવારી ૭૧.૬૯ ટકા રહી છે. જ્યારે વિદ્યાર્થિનીઓની ૭૦.૮૫ ટકા રહી છે. ચાલુ વર્ષે ૧,૧૬,૪૯૪ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતાં. કેન્દ્ર પ્રમાણે પરિણામની વાત કરીએ તો આ વર્ષે સૌથી ઊંચું પરિણામ ધ્રોલ રહ્યું છે. ધ્રોલના પરિણામની ટકાવારી ૯૧.૬૦ ટકા છે. પાછલા વર્ષે પણ આજ કેન્દ્ર ૯૧.૪૨ સાથે ટોપ રહ્યું હતું. ૨૭.૧૯ ટકા સાથે બોડેલી સૌથી ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર છે. પાછલા વર્ષની જેમ સૌથી વધુ પરિણામ ધરાવતા જિલ્લામાં રાજકોટ ૮૪.૪૭ ટકા સાથે ટોપ પર રહ્યું છે. જ્યારે ઓછું પરિણામ ધરાવતા જિલ્લામાં આ વર્ષે પણ છોટાઉદેપુર રહ્યું છે જેના પરિણામની ટકાવારી ૨૯.૮૧ ટકા રહી છે.આ વર્ષે ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળામાં ૩૫ સ્કૂલો આવી છે જે સંખ્યા પાછલા વર્ષે ૩૬ રહી હતી. તો ૧૦ ટકા કરતાં ઓછું પરિણામ ધરાવતી સ્કૂલ પાછલા વર્ષે ૬૮ હતી જે આ વર્ષે ઘટીને ૪૯ થઈ છે. અંગ્રેજીના માધ્યમના ઉમેદવારોના પરિણામની ટકાવારી ૭૫.૧૩ ટકા રહી છે. જ્યારે ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓની ટકાવારી ૭૧.૦૯ રહી છે. એ ગ્રુપમાં પાસ થનારા વિદ્યાર્થીઓની પાછલા ટકાવારી પાછલા વર્ષ કરતાં વધારે નોંધાઈ છે જેની ટકાવારી ૭૮.૯૨ ટકા રહી છે. જ્યારે બી ગ્રુપમાં પરિણામની ટકાવારી ૬૭.૨૬ ટકા રહી છે. તો એબી ગ્રુપમાં વિદ્યાર્થીઓની ટકાવારી ૬૪.૨૯ રહી છે. કોવિડ-૧૯થી ઉપસ્થિત થયેલા ખુબ જ કઠીન પરિસ્થિતિમાં શિક્ષકોએ ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી તેમજ બોર્ડના અધિકારી/કર્મચારીઓના અથાગ પ્રયત્નેને કારણે વિદ્યાર્થીઓના પરિણામની કામગીરી પૂર્ણ થઈ છે. રાજ્યમાં ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ ૭૧.૩૪ ટકા આવ્યું છે. માર્ચ ૨૦૨૦ સાયન્સની પરીક્ષામાં કુલ ૧૩૯ કેન્દ્રો-પેટા કેન્દ્રોમાં ૧,૪૩,૨૭૮ પરીક્ષાર્થી નોંધાયેલા હતા. જેમાથી ૧,૪૨,૧૧૭ પરીક્ષાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા. આ સંખ્યામાં વર્ષ ૨૦૧૯-૨૦ના ૧,૧૬,૬૪૩ નિયમિત વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી ૧,૧૬,૪૯૪ પરીક્ષાર્થીઓ હાજર રહ્યા હતા. જેમાથી ૮૩,૧૧૧ પરીક્ષાર્થીઓ પ્રમાણપત્ર મેળવવાની પાત્ર બન્યા છે. ગત વર્ષની સરખામણીમાં અડધો ટકો પરિણામ ઓછું આવ્યું છે, ગત વર્ષે ૭૧.૮૩ ટકા હતું જ્યારે આ વર્ષે ૭૧.૬૯ ટકા છે. વિદ્યાર્થી પોતાના પરિણામ વિશે બોર્ડની વેબસાઈટ પર જોઈ શકે છે. આ વખતે કોરોના કહેરના કારણે લોકલ સંક્રમણ ન વધે તે માટે પરિણામ માત્ર ઓનલાઈન જોવા મળશે. સ્કૂલમાંથી માર્કશીટ મેળવવા માટેની તારીખ આગામી સમયમાં જાહેર કરવામાં આવશે. આ વર્ષે રાજ્યભરમાંથી ધોરણ-૧૦ અને ૧૨ના કુલ ૧૭.૬૦ વિદ્યાર્થીઓએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક શિક્ષણબોર્ડની પરીક્ષા આપી હતી. જેમા ધોરણ ૧૨ સાયન્સના ૧.૪૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના કુલ ૫.૨૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ હતા. રાજ્યના ૫૬ ઝોન અને ૬૫૩ કેન્દ્ર પર ધોરણ ૧૨ની પરીક્ષા યોજાઈ હતી. જોકે આ વર્ષે કોરોના વાઈરસના કારણે વિદ્યાર્થીઓ પરીક્ષાનું પરિણામ માત્ર ઓનલાઈન જ જોઈ શકશે. સ્કૂલમાંથી મળતા પ્રમાણપત્ર માટે તેમને આગામી તારીખ જાહેર થાય તેની રાહ જોવી પડશે.

## ૧૧૪૨૧૬૭ માનવદિન રોજગારીનું નિર્માણ થયું


મુખ્યમંત્રી વિજય રૂપાણીની દીર્ઘદ્રષ્ટીથી છેલ્લા ત્રણ વર્ષથી કુદરતી પાણીના સ્ત્રોત ઊંચા આવે તેમ જ વરસાદી પાણીનો જળસંચય વધુ ને વધુ થાય અને તેના લાભ નાગરિકો અને લાખો ખેડૂતોને થાય તે આશયથી યોજાઈ રહેલા રાજ્યવ્યાપી સુજલામ સુફલામ જળ અભિયાનના ત્રીજા તબક્કામાં આજ સુધીમાં ૯૬૬ કામો પૂર્ણ થયા છે અને ૪૬૮૮ કામો પ્રગતિ હેઠળ છે. મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમાર સુજલામ સુફલામ જળ અભિયાન ની વિગતો આપતા કહ્યું કે આ અભિયાન હેઠળ ચેકડેમ તળાવો, રીઝર્વર,નાની-મોટી નદીઓ તળાવો ઉંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ યોજનાનો શુભારંભ વર્ષ ૨૦૧૮ માં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ભરૂચ ખાતેથી કરાવ્યો હતો અને આ અભિયાન સતત ત્રણ દિવસ ચાલુ રહેશે એવું જાહેર કર્યુ હતું છે. છેલ્લા બે વર્ષમાં ૨૩૫૦૦ લાખ ઘનફૂટ વધારાનો જળસંગ્રહ થયો હતો તેથી પ્રેરાઈને આ અભિયાન પ્રતિવર્ષ યોજવાનું આયોજન કરાયું છે. અશ્વિનીકુમારે ઉમેર્યુ કે સુજલામ સુફલામ જળ અભિયાનના ત્રીજા તબક્કાનો શુભારંભ તા. ૨૦મી એપ્રિલથી શરૂ થયો છે અને આજ દિન સુધીમાં ૩૩ જિલ્લામાં ૯૧૬ કામો પૂર્ણ કરાયા છે.

# બનાસ નદીના પટમાં ૬૦૦ ક્યુસેક જેટલું પાણી છોડાયું

દાંતીવાડા, તા. ૧૭

બનાસકાંઠા જિલ્લાનું મુખ્ય ડેમ દાંતીવાડા છે. દાંતીવાડા ડેમમાં પાણીની સપાટી ૫૪૦ હતી. ચોમાસાને હજુ બે માસનો સમય છે. આ સમય પહેલા દાંતીવાડા ડેમના ગેટ રીપેરિંગ કરવાના હોવાથી ડેમનું પાણી કેનાલમાં છોડવામાં આવ્યું હતું. સ્થાનિક ખેડૂતોની માંગણી હતી કે દાંતીવાડા અને તેની આજુબાજુના વિસ્તારમાં પાણીના તળ ઊંડા ગયા છે જેથી નદીના પટમાં ડેમનું પાણી છોડવામાં આવે જે મામલે બનાસકાંઠાના સંસદસભ્ય પરબતભાઈ પટેલ, ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા તેમજ ધાનેરાના ધારાસભ્ય નાથાભાઈ પટેલે સરકારમાં રજૂઆત કરી હતી. આ રજૂઆતને ધ્યાને લઈ સરકારે બનાસ નદીના પટમાં ૬૦૦ ક્યુસેક પાણી છોડવાની મંજૂરી આપી છે. આ મંજૂરી મળતા જ આજે ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યા એ ખેડૂત આગેવાનો સાથે મળી બનાસ નદીના પટમાં દાંતીવાડા ડેમનું ૬૦૦ ક્યુસેક પાણી છોડાયું હતું. પોતાના જન્મદિવસ નિમિત્તે આટલી અમૂલ્ય ભેટ સ્થાનિક ખેડૂતોને મળતાં તેમણે સરકારનો અભાર માન્યા હતો. બનાસ નદીના પટમાં આજે ૬૦૦ ક્યુસેક પાણી છોડાતા ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ છે.

બનાસકાંઠામાં સૌથી મોટો પ્રશ્ન એ ભૂર્ગભ જળનો છે. દિન-પ્રતિદિન ભૂર્ગભ જળના તળ ઊંડા જતાં ખેડૂતો મોટી હાલાકી ભોગવતા હતાં. હવે જ્યારે ઉનાળાના કપરા સમયમાં ડેમનું પાણી નદીના પટમાં છોડાયું છે ત્યારે તેનો સીધો ફાયદો સ્થાનિક ખેડૂતોને થશે. નદીના તળ ઊંચા આવતા ખેડૂતોની મુશ્કેલીઓ દૂર થશે. આજે છોડાયેલા પાણીના કારણે ખેડૂતોમાં આનંદ છે. સારો વરસાદ થાય અને ડેમ ફરી ભરાઈ બનાસ નદીમાં પાણી છોડાય તેવી અપેક્ષા ખેડૂતો રાખી રહ્યા છે.



## ગુજરાત ભાવસાર સમાજનું ગૌરવ

મોડાસા, તા. ૧૭

ગુજરાત યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિ તરીકે જગદીશ ભાવસારની નિમણૂંકને અરવલ્લીના મોડાસાથી જગદીશ ભાવસાર (શહેર પ્રમુખ ભાજપ) જલ્પા ભાવસાર (પ્રમુખ ભાજપ અરવલ્લી મહિલા મોરચો), કલ્પનાબેન ભાવસાર (કોર્પોરેટર) તેમજ સમાજના અગ્રણી હર્ષદભાઈ ભાવસાર તેમજ પ્રકાશભાઈ ભાવસાર, વિનોદ ભાવસાર (પત્રકાર) વગેરેએ અભિનંદન આપી શુભેચ્છા પાઠવીએ છીએ.

### કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલુ

ભારતના બંધારણની કલમ ૨૨૧ મુજબ પબ્લીક ઈસ્ટટેસ્ટ લીટીગેશન લગત રાહત કેમ્પમાં આંખના ઓપરેશન દરમ્યાન દર્દીએ ડોકટરની બેદરકારી બદલ કેમ્પના આયોજકો તથા ડોકટર ઉપર આંખ ગુમાવવા બદલ વળતર મેળવવા હાઈકોર્ટના દ્વાર ખખડાવી ૧૫૧ જણાના ઓપરેશનમાં સ્ટીલાઈઝેશન અને નોન પ્રીકોશનરી એકટના કારણે કેમ્પના આયોજકો અને સેવા આપનાર ડોકટર સામે ફરીયાદ કરેલ જે કેમ્પના આયોજકોએ ભારત સરકારના માર્ગદર્શનનો અમલ કરેલ ના હોવાનું પુરવાર થતા એક આંખ ગુમાવનારને ૪૦,૦૦૦/- વળતર, મૃત્યુ પામનારને ૫૦,૦૦૦/- , બે આંખ ગુમાવનારને ૭૫,૦૦૦/- તથા બે આંખ ગુમાવી હોય અને જીવીત હોય તેવી વ્યક્તિને ૧,૫૦,૦૦૦/- વળતર આયોજકો તથા ડોકટરને ચુકવવા કર્ણાકટ હાઈકોર્ટે હુકમ કરેલ તથા પબ્લીક લીટીગેશન કરનાર અરજદારને ખર્ચના ૫૦૦૦/- અલગથી ચુકવવા હુકમ કરેલ.

દર્દી તથા ડોકટરના સબંધો વિશ્વાસનીયતા ઉપર ટકેલા છે. દર્દીના રોગની વિગતો જાહેર કરવીએ પ્રતિબંધ છે દર્દીની તમામ હક્કિત દર્દી સીવાયનાને ડોકટર આપી શકે નહિ. યુવક યુવતીના લગ્નના કિસ્સામાં ડોકટર તબીબી અભિપ્રાય આપે તો તે ડોકટરની ફરજનો ભંગ થતો નથી પરંતુ ડોકટર અને દર્દીનો સબંધ એ કરાર આધારીત છે તેમાં ચુક થાય તો દિવાની જવાબદારી ડોકટરની થાય છે.

### અતિતની આજ ● ચોથા પાનાનું ચાલુ

સાથે ચર્ચા માટે રહેવા તૈયાર હોવાનું પણ જણાવે છે. ૧૮ વર્ષ પછી ગાંધીજી અને સાવરકરની આ મુલાકાત યોજાઈ હતી. કીર તો કહે છે કે મહાત્મા રત્નાગિરીને મુલાકાતે જાય ત્યારે ત્યાંની પાલિકા અને જનતા તરફથી તેમનું જાહેર અભિવાદન કરવાનું વિચારાયું હતું, પણ સાવરકરની અનિચ્છાને કારણે એ માંડી વાળવામાં આવ્યું હતું. અતિઉત્સાહી ગાંધીવાદીઓએ સાવરકર વિશે ગાંધીજીના મનમાં વિષ ઘોળવાનો પ્રયાસ પણ કર્યો હતો છતાં સ્વયં ગાંધીજીએ બીમાર સાવરકરને ઘેર જવાનું નક્કી કરીને ઘણાને અચંબિત કરી દીધા હતા.

મહાત્માએ લોકોનાં દિલ જીતી લેતાં કહ્યું હતું : "રત્નાગિરી ટિળકનું જન્મગ્રામ હોવાથી તીર્થક્ષેત્રનું માહાત્મ્ય ધરાવે છે અને વીર સાવરકરનું વાસ્તવ્યસ્થાન પણ છે. ઈંગ્લેન્ડમાં સાવરકર અને મારો ગાઢ પરિચય થયો એમનો ત્યાગ અને દેશભક્તિ જગજાહેર છે.એટલે અમારી બંનેની વચ્ચે મતભેદ ભલે હોય પણ પ્રેમમાં કોઈ ઉણપ આવી નથી. મતભેદને રખે કોઈ શત્રુતા સમજી બેસે" ગાંધીજીનો પોતાના માટે આવો ભાવ સાંભળીને, તાવ હોવા છતાં, ચિઠ્ઠી મોકલીને મહાત્માને પોતાને ઘેર આવવા સ્વાતંત્ર્યવીરે નિમંત્રણ પાઠવ્યું અને ગાંધીજી આવ્યા પણ ખરા. બંને વચ્ચે શુદ્ધિ અંગે અને હિંદુ ધર્મ વિશે વિષદ ચર્ચા થઇ અને કીરે એ સંવાદ વિસ્તૃત રીતે મૂક્યો છે. બંને વચ્ચેની મુલાકાત ખુશનુમા વાતાવરણમાં યોજાઈ. સાવરકર બીમાર હોવા છતાં બંને ખૂબ હસ્યા પણ ખરા.બંને મહાનુભાવોની આ છેલ્લી મુલાકાત હોવા ઉપરાંત મતભેદ ધરાવતા હોવા છતાં પારસ્પરિક માન સાથેની એ મુલાકાત વિરાટ વ્યક્તિત્વોનો પરિચય જરૂર કરાવી જાય છે.

- haridesai@gmail.com

### આજે સાંજે જાહેરાત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ અંગે નિર્ણય કરવા સાંજે પાંચ વાગ્યાથી મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં હાઈલેવલ કોર કમિટિની બેઠક મળી હતી પરંતુ કોઈ નિર્ણય લેવાયો ન હતો. ગુજરાતમાં આજે લૉકડાઉન-૩.૦નો અંતિમ દિવસ છે અને આવતીકાલથી લૉકડાઉન ૪.૦નો પ્રારંભ થશે. રાજ્યમાં ૧૫ મેની સાંજથીથી ૧૬ મેની સાંજ સુધીમાં કોરોનાના નવા ૧૦૫૭ કેસ નોંધાયા હતા અને ૧૯ દર્દીના મોત થયા હતા. તેમજ ૨૭૩ દર્દી સાજા થયા હતા. આમ કુલ કેસ ૧૦૯૮૯ થયા છે જ્યારે મૃત્યુઆંક ૬૨૫એ પહોંચ્યો છે અને ૪,૩૦૮ દર્દી સાજા થઈ ઘરે પરત ફર્યા છે. આવતીકાલ સવારથી દેશભરમાં લોકડાઉ ૪.૦ શરૂ થશે. આ અંગે કેન્દ્ર સરકારે ગાઈડલાઈન બહાર પાડીને લોકડાઉનને ૩૧ મે સુધી લંબાવ્યું છે. આ અંગે મુખ્યમંત્રી રૂપાણીએ જણાવ્યું કે, કન્ટેઈન્મેન્ટ ઝોન બહાર છૂટછાટ આપવામાં આવશે. તેમજ રાજ્યમાં કર્ફ્યુનો કડક અમલ કરાશે. નવા નિયમોમાં કન્ટેઈન્મેન્ટ અને નોન કન્ટેઈન્મેન્ટ ઝોનના આધારે છૂટછાટ આપવામાં આવશે. નવા નોટિફિકેશનનો અમલ ૧૯મેથી કરવામાં આવશે. મુખ્યમંત્રીએ આગળ કહ્યું કે, માસ્ક નહીં પહેર્યું હોય તેને સમગ્ર ગુજરાતમાં રૂ.૨૦૦નો દંડ ફટકારવામાં આવશે. બાઈક ચાલકો અને રિક્ષા ચાલકોને છૂટ આપવામાં આવશે. કચ્છમાં કોરોનાના એકસાથે ૧૪ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. જેને કારણે સમગ્ર જિલ્લાની જનતામાં ફફડાટ ફેલાઈ ગયો છે. ગુજરાત સરકારના અધિકારીઓ અમદાવાદમાં પણ ૩૧ મે સુધી લોકડાઉન લંબાવવાના મૂડમાં છે. ૩૧મે સુધી ના લંબાવી શકાય તો ૨૫ મે સુધી તો કરવાનીતૈયારી છે. આ અંગે ટૂંક સમયમાં સરકાર નિર્ણય લેશે. જ્યારે ૨૧ દિવસની કન્ટેઈન્મેન્ટ ઝોનની સમીક્ષા ૨૪મેના રોજ કરવામાં આવશે, એટલે કે ૨૫મીએ ઈદ પુરી કરીને લોકડાઉન ખોલવામાં આવી શકે છે.

### દેશમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશમાં ત્રણ રાજ્યો મહારાષ્ટ્ર, ગુજરાત અને તમિલનાડુમાં પરિસ્થિતિ વધુ ગંભીર જણાય રહી છે અને આ ત્રણેય રાજ્યોમાં ૧૦,૦૦૦થી વધુ કોરોનાના કેસો નોંધાયા છે. મહારાષ્ટ્રમાં ૩૦,૭૦૬, ગુજરાતમાં ૧૦,૯૮૮ અને તમીલનાડુમાં ૧૦,૫૮૫ કેસો છે.

શનિવાર સવાર સુધીમાં થયેલા મૃત્યુમાં મહારાષ્ટ્રમાં ૬૭, ગુજરાતમાં ૧૯, ઉત્તર પ્રદેશમાં નવ, પશ્ચિમ બંગાળમાં સાત, દિલ્હીમાં છ, મધ્યપ્રદેશમાં ચાર, તમિલનાડુમાં ત્રણ, હરિયાણામાં બે તેમજ આંધ્રપ્રદેશ, જમ્મુ-કાશ્મીર અને રાજસ્થાનમાં એક-એક મૃત્યુનો સમાવેશ થયો હતો. દેશમાં અત્યાર સુધીના કુલ મૃત્યુઆંકમાં મહારાષ્ટ્ર સૌથી આગળ છે જ્યાં ૧,૧૩૫ લોકોના મોત થયા છે, ગુજરાતમાં ૬૨૫ મોત થતા બીજા ક્રમે છે, મધ્યપ્રદેશમાં ૨૪૩, પશ્ચિમ બંગાળમાં ૨૩૨, દિલ્હીમાં ૧૨૯, રાજસ્થાનમાં ૧૨૬, ઉત્તર પ્રદેશમાં ૧૦૪, તમિલનાડુમાં ૭૪ અને આંધ્રપ્રદેશમાં ૪૯ મોત થયા છે. કર્ણાટકમાં ૩૬, તેલંગાણામાં ૩૪ અને પંજાબમાં ૩૨ મોતનો સમાવેશ થાય છે. કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યાના આધારે ભારત વિશ્વમાં ૧૧ મા ક્રમે છે. બીજી તરફ, અમેરિકા, રશિયા, બ્રાઝિલ, ફ્રાંસ, ઈટાલી, સ્પેન અને પેરુ પછી ભારત એક એવો દેશ છે જ્યાં લોકોને સૌથી વધુ કોરોના વાયરસના ચેપ માટે સારવાર આપવામાં આવે છે.

### ઉગ્ર હોબાળો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાંભળી હતી. બધાએ તેમના ઘરો બિહાર મોકલે તેવી માંગ માટે હંગામો મચાવ્યો હતો. આ પછી, અધિકારીઓએ રોડવે બસો માંગી હતી અને તેમને પોતપોતાના ઘરે મોકલી આપી હતી. આ ઉપરાંત મધ્ય પ્રદેશના રેવા અને ઉત્તર પ્રદેશ અને ઉત્તર પ્રદેશની સરહદ પર આવેલા ચકઘાટ વિસ્તારમાં મજૂરો. અહીં પરપ્રાંતિય મજૂરોએ પોલીસકર્મીઓ સાથે ઘર્ષણ કર્યું હતું અને કામદારોએ પોલીસ બેરિકેડને ઉથલાવીને ફેંકી દીધા હતા. બપોરે ઉત્તરપ્રદેશના મથુરામાં પણ પરપ્રાંતિય મજૂરો વિરોધ કરવા શેરીમાં ઉતરી આવ્યા હતા અને પોતપોતાના ઘરે મોકલવાની માંગ કરી હતી. ગુજરાત, રાજકોટમાં પણ યુપી અને બિહારના પરપ્રાંતિય મજૂરોએ ભારે રોષ પેદા કર્યો હતો. હકીકતમાં, રાજ્ય સરકારોના આ તમામ કામદારો વિશેષ ટ્રેનોને રદ કરવાના નિર્ણય સામે આંદોલન કરી રહ્યા હતા. આ દરમિયાન તેઓએ શહેરના શાપર વિસ્તારમાં કાર-બાઈકની તોડફોડ કરી હતી. જમીન પર ટીવી ચેનલના પત્રકારને પણ માર માર્યો હતો.

### લોકડાઉન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરશે. આ ત્રીજી વાર છે જ્યારે લોકડાઉન વધારવામાં આવ્યું છે. આ પહેલા પણ દેશમાં લોકડાઉન બે વાર વધારવામાં આવ્યું હતું અને આજે લોકડાઉન -૩ સમાપ્ત થઈ રહ્યું હતું. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને સંબોધનમાં લોકડાઉન વધારવાના સંકેત આપ્યા હતા. જો કે તેણે કહ્યું કે તે થોડો નવો દેખાવ હશે. આવી સ્થિતિમાં, દરેકની નજર આ નવો દેખાવ કેવો હશે તેના પર હતી. આમાં કયા પ્રકારનું ડિસ્કાઉન્ટ આપવામાં આવશે? દેશમાં જે રીતે કોરોના ચેપના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે, લોકડાઉનનો વધારો અનિવાર્ય માનવામાં આવતો હતો. ઘણા રાજ્યોએ પણ આ માટેની તૈયારી કરી લીધી હતી. પંજાબ, તેલંગાણા, મહારાષ્ટ્ર અને તામિલનાડુએ ૩૧ મે સુધીમાં લોકડાઉન લંબાવાની જાહેરાત કરી દીધી છે. દેશમાં કોરોના ચેપનો કુલ આંક ૯૦ હજારને પાર કરી ગયો છે, જેમાં ૨૮૦૦ થી વધુ લોકોનાં મોત નીપજ્યાં છે.

કેન્દ્રએ લોકડાઉન વધારવા અંગે રાજ્યો પાસેથી સૂચનો માંગ્યા હતા. શુક્રવારે ગૃહ પ્રધાન અમિત શાહે તેમના મંત્રાલયના અધિકારીઓ સાથે મેરેથોન બેઠક યોજી હતી. તમામ રાજ્યો તરફથી મળેલા સૂચનો પર વિચાર કર્યા પછી, લોકડાઉન -૪ માટેની માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી હતી. મોટાભાગનાં રાજ્યોએ આ મહિનાના અંત સુધીમાં લોકડાઉન વધારવાનું સૂચન કર્યું છે. લોકડાઉનનો પ્રથમ તબક્કો ૨૫ માર્ચથી ૧૪ એપ્રિલ સુધીનો હતો. ૧૫ એપ્રિલથી ૩ મે સુધી લોકડાઉન -૨ અને ૪ મેથી ૧૭ મે સુધી લોકડાઉન -૩ હતું. પ્રથમ તબક્કામાં, ફક્ત આવશ્યક ચીજવસ્તુઓ માટે છૂટ હતી. લહ્રીહકડાઉન -૨ માં હોટસ્પોટ્સ છોડીને ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં દુકાનો ખોલવાની મંજૂરી આપવામાં આવી હતી. લોકડાઉન -૩ માં તેને કેટલીક શરતોવાળી ફેક્ટરીઓ ખોલવાની મંજૂરી આપવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન દેશમાં ફસાયેલા પરપ્રાંતિય મજૂરોને ઘરે લઈ જવા માટે ટ્રેનો અને બસો પણ દોડાવવામાં આવી હતી.

### વધુ ૪ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધી રહ્યા છે તેને પગલે સર્વેલન્સ સઘન રીતે કરવામાં આવે તેવી કડક સૂચનાઓ આપવામાં આવી છે એટલું જ નહિ દર્દીના કોન્ટેકટ પર્સન અંગે પણ સઘન તપાસ કરવામાં આવે એટલું જ નહિ કોવોરોન્ટાઈનના અમલીકરણ માટે પણ તંત્ર કડક કાર્યવાહી કરે તેવી સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

### વિશિષ્ટ આયોજન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈચ્છતા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના હજારો વિદ્યાર્થીઓ આ કાર્યક્રમોનો ઘરે બેઠા તમામ પરીક્ષાઓનું માર્ગદર્શન ઘરે બેઠા જ સરળતાપૂર્વક મેળવી શકશે. ઉલ્લેખનીય છે કે નીટની પરીક્ષા માટેના ખાસ શૈક્ષણિક કાર્યક્રમો તૈયાર કરાવીને તેનું પ્રસારણ હાલમાં વંદે ગુજરાત ચેનલ નંબર ૧૨ પરથી બાયસેગના માધ્યમથી થઈ રહ્યું છે. તે ઉપરાંત ધોરણ ૯થી ૧૨ ના મુખ્ય વિષયો ના શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ પણ વંદે ગુજરાત ચેનલ નંબર ૯ થી થઈ રહ્યું છે . બોર્ડની યૂટૂબ ચેનલ પર નીટના ખાસ કાર્યક્રમો તેમજ ધોરણ ૯ થી ૧૨ ના મુખ્ય વિષયો ના શૈક્ષણિક કાર્યક્રમો પણ અપલોડ કર્યા છે તેનો પણ રાજ્યના હજારો વિદ્યાર્થીઓ ખૂબ જ મોટા પ્રમાણમાં લાભ મેળવી રહ્યા છે .નીટ માટેના ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાન વિષયના લેક્ચર ના વિડીયો જીઈઈ એને ગુજકેટ જેવી પરીક્ષા માટે પણ ઉપયોગી છે.

### પરિણામ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રેડમાં ૭૭૫ અને સી વન ગ્રેડમાં ૧૦૮૮ જયારે સી ટુ ગ્રેડમાં ૧૧૭૭ અને ડી ગ્રેડમાં ૨૧૬ પરીક્ષાર્થીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૩૪૫ વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળી નથી. ગાંધીનગર જિલ્લાન ચારેય કેન્દ્રોના પરિણામની વાત કરીએ તો ગાંધીનગર ઉત્તરના કેન્દ્ર પરથી ૩૮૧૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે આ પૈકી ૯૫૩ વિદ્યાર્થીઓ સફળ રહ્યા નથી કેન્દ્રનુ પરિણામ ૭૫.૦૭ ટકા આવ્યુ છે. સમગ્ર જિલ્લામાં માત્ર એક જ વિદ્યાર્થીને એ વન ગ્રેડમાં સ્થાન મળ્યુ છે. જેમાં સરગાસણની વેદ ઈન્ટરનેશનલ સ્કુલનો સમાવેશ થાય છે. વેદ ઈન્ટરનેશનલ સ્કુલના સંચાલક નયન ત્રિવેદીએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી છે. જયારે કલોલમાંથી ૫૭૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી આ પૈકી ૭૨.૪૪ અને માણસામાંથી ૨૨૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે આ કેન્દ્રનુ પરિણામ ૭૧.૫૬ ટકા આવ્યુ હતુ. જયારે ચારેય કેન્દ્રો પૈકી ચાંદખેડા કેન્દ્રનુ પરિણામ સૌથી ઓછુ આવ્યુ હતુ ચાંદખેડા કેન્દ્રમાંથી ૫૦૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે કેન્દ્રનુ પરિણામ ૬૭.૭૯ ટકા આવ્યુ છે.

### મુક્ત થઈ જશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ડેન્ટલ સર્જન છે. શ્રેયએ ધો -૧૦ માં જિલ્લામાં પણ તેણે દ્વીતીય ક્રમ મેળવ્યો હતો. શ્રેયને અભ્યાસ સિવાય ક્રીકેટ રમાવાનો શોખ છે. હાલની સ્થિતિમાં સોશિયલ ડીસ્ટન્સીંગ જાળવી સરકારની ગાઈડલાઈન જાળવી કામ કરવુ જોઈએ. બહુ ઝડપથી આપણો દેશ આ કપરા કાળમાંથી બહાર આવી જશે. માટે નાગરિકોએ સ્વયં શિસ્ત દાખવી કામ કરવુ અનિવાર્ય છે. તેણે જણાંવ્યુ હતુ કે મને નાનપણથી ગણિતના વિષયમાં રસ વધુ છે. કોમ્પ્યુટરના વિષય સંબંધિત આગળ અભ્યાસ કરવાનુ વધુ ગમશે. આમ તો પરિણામથી સંતોષ છે પરંતુ હજુ પણ વધુ સારુ આવ્યુ હોત તો પણ મજા આવતી..